તારાબ્હેન લગ્નાવળી.

ધી "રાંદેર" પ્રેસ-સુરત.

તારાબ્હેન લગ્નાવળી.

ગીત ૧

ઉંચા નીચા મોહલ ચણાવો જરૂખા મેલાવીરે મારા રાજ.
મોર બેસે બારીએ કોયલ બેસે જાળીએ મારા રાજ.
પાવલાનો પાસેર તંબાકુ મુલવ્યો મારા રાજ,
અરધાનો અછેર તંબાકુ તમે પીઓ મારા રાજ
પોનછઆનો પોણોશેર તંબાકું મુલવ્યો મારા રાજ.
રૂપઇઆનો શેર તંબાકુ તમે પીઓ મારા રાજ,
કઇ વહુ તે પાનીડા સંચરીઆ મારા રાજ.
બેડું મુકો એઠે ઉંઢો ભરી આપજો મારા રાજ.
કઇ વહુને ચડી એલી રીસ ઉંઢો નાંખ્યો ફેંકીને મારા રાજ.
ઉંઢો ગયોરે આકાશમાં ચલમ પડી ચોકમાં મારા રાજ.
ઉંઢાના હજાર ચલમના ચારશો મારા રાજ.
કયા ભાઇને ચડીએલી રીસ તમાચો મારીયો મારા રાજ.
કઇ વહુને ચડીએલી રીસ મઇશર ચાલ્યા રૂશણે મારા રાજ.
પહેલેને સોયલરે સસરાજી પધારીઆ મારા રાજ.
અમોની મોટાની વહુ વારૂં મોટા ઘર આપણા મારા રાજ.
તમારા ને દીકરા હજારી તમાચો મારીઆ મારા રાજ.
અમેરે મોટાની દીકરીઓ, તમાચો નહી ખમીએ મારા રાજ.
બીજેને સોયલરે સાસુજી પધારીયા મારા રાજ.

ચાલોને મોટાની વહુ વાર, મોટાઘર આપણા મારા રાજ,
અમેરે મોટાની દીકરી તમાચો નહી ખમીએરે મારા રાજ.
અગણેને સોયલરે સ્વામીજી પધારીયાં મારા રાજ.
હાથમાં એવડ નેતર સડાસડ ઉપડે મારા રાજ.
તમારા તે પગની પેજાર હવે નહી જાઉં રૂશણે મારા રાજ.

ગીત ૨

ફુલનો વીજણો તે રાજાજીને સીર ચડે,
કયા ભાઇ ઘોડે કયા ભાઇ અસવારે કયા ભાઇ દીલીના દીવાનરે—ફુલનો.
કઇવહુ ઓરડે ને કઇવહુ પરસાલે કઇવહુને ઉચાનીચા મહેલરે—ફુલનો.
કઇ બેન ચંપોનેકઇ બેન મોગરો કઇ બેન વાડી માંયની વેલરે—ફુલનો.

ગીત ૩.

સોના રૂપાનીરે પાલખી જઇ રહી રાજાજીને મહોલે રાણીજી રઢ લઇ રહ્યા, પીઉ મુજને પાલખડી ચડાવો એડકે આવે નીંદ્રડી ચોકમાં ચાંપલીયો રોપાવો. સોરંએ આવે નીદ્રડી. પરસાલે નાગરવેલ રોપાવો સોરંએ આવે નીદ્રડી. માંડવે પુતલીયો મેલાવો ગમ્મતે આવે નીંદ્રડી સોડમાં બેન સુવાડો વાતડીએ આવે નીદ્રડી.

ગીત ૪.

લીલીરસી ઘોડીરે ભાઇને લીલા ગજનો વાઘોરે ઘોડલીએ ચઢંતારે સાહના વીરાઓ વખાણુરે, સૂરજ સરીખા તેજ વરના ચંદ્રમાં

સરીખા નીરમળા પીળીસી ઘોડીરે ભાઇને પીળા ગજનો વાઘોરે ઘોડલીએ ચઢંતારે ભાઇના કાકાઓ વખાણેરે, સુરજ સરીખા તેજ વરના ચંદ્રમા સરીખા નીરમળા.

ગીત ૫

મુહુર્તનું ગીત.

જીરે આજ મેંતો ચોળા પરવત નોતર્યા
ચોળા તમે છો મારે વડીલો મેલવા જોગ, મારે સાજન મેળવવા જો મળ્યા
જીરે આજ મેંતો મગરે મનોરા નોતર્યા
મગ તમે છો મારે લાડકાલાડુ કરવા જોગ, મારે સાજન મેળવવા જો મળ્યા.
જીરે આજ મેંતો અડદ ઘડડીઆ નોતર્યા
અડદ તમે છો મારે પાપડ કરવા જોગ મારે સાજન—
જીરે આજ મેતો ચણારે ચીતરીઆ નોતર્યા
ચણા તમે છો મારે કળીઓ પાડવા જોગ—મારે—સાજન—

ગીત ૬

પ્રભાતીઊ.

માલેણુડીરે જેસી ચતુર સુજાણ—ગુથંતીરે કાચી કળીઓના હાર,
લઇ આવતીરે ગોરા—ભાઇ દરબાર—ગોરા-ભાઇરે તેને મરદન કરવા બેઠા
ત્રાંબા કુંડીરે વહુ—વહુને હાથ—માલેણુડીરે. ॥ ૩ ॥

લઇ આવતીરે ગોરા-ભાઇ દરબાર-ગોરા ભાઇરે તેતો ભોજન કરવા બેઠા
રસોઇઓરે વહુ-વહુને હાથ-માલેણડીરે ॥ ૨ ॥
બાકી આ પ્રમાણે વારા ફરતી કડીઓ બોલવી.

ગીત ૭

પ્રભાતીઉં.

કોઇએ મહાવીર સ્વામી રમતેલા દીઠારે,
જઇ ફુલવાડીમાં પેઠારે-મોગરલોને મરડી લીધારે.
ચાંપલીઓ તે ચુંટીને સુંઘ્યોરે-સીંગોડા છોલીને ખાધારે.
એટલે આવ્યા તે માલણ બાઇરે-ન ધાઇશ માલણ બાઇરે,
મારી સાથે નંદીષેણ ભાઇરે-તમારે ગજવે તે ઘાલું સોપારીરે;
તમે જીનશાસના વેપારીરે-તમારે ગજવે તે ઘાલું ખારેકરે.
તમે જીનશાસનના પારેખરે-તમારે ગજવે તે ઘાલું દાળીઆરે
તમે જીનશાસનના નીશાળીઆરે.
એ પ્રમાણે વારા ફરતી કડીઓ બોલવી.

ગીત ૮.

પ્રભાતીઉં

સુરજ ઉગ્યોરો કેવરીઆની ફુનસે કે વહાણે ભલે લાભ લેવાયારે
જઈ જગાડોરે નાભીરાયના પુત્ર કે વહાણે ભલે લાભ લેવાયારે
દાતણ કરજોરે શેત્રુંજાની ટુંક કે વહાણે ભલે લાભ લેવાયારે

મુખ લુછજોરે પાંમરીઓને છેડે કે વહાણે ભલે લાભ લેવાયારે
જાજો જાજોરે દેહેરાસર માંય કે વહાણે ભલે લાભ લે ાયારે
ભરજો ભરજોરે ચોખાની મુઠ કે વહાણે ભલે લાભ લેવાયારે
લેજો લેજોરે અરિહંતના નામ કે વહાણે ભલે લાભ લેવાયારે
॥ એ પ્રમાણે વારા ફરતી કડીઓ બોલવી.

કન્યાને સાસરે વળાવતી વખતનું

વેવઇ તમારો માંડવડો સંભાળ કે તમારી દીકરી કયાં ગઇરે·
આવ્યા હતા........ગામના શેઠતો લાખેણી લાડી લઇ ગયારે
॥ એ પ્રમાણે વારા ફરતી કડીઓ બોલવી.

ગીત ૯

પ્રભાતીઉ

કાશી દેશે રે રાજા ચતુરસુજાણ, ગીરનારે ઘોડીરે ઉછલે
શું તારીરે રાજા ચતુરસુજાણ, ઘડજે પારસનાથના પારણા
ઘડજે ઘડજેરે રૂડા હંસને મોર, ચારે પાયેરે ચાર પુતલી.
પારણે પોડશેરે મારા પારશનાથ સુજાણ બેનર કરેરે ઓવારણા
ઘણું જીવોરે માડી જાયલા પુત્ર, વંશ વધારો આપના બાપના

ગીત ૧૦

વસંત ગોરસ વખતનું

મારો લટકાળો વિંછુડોરે, ઘરમાં નિત્ય ફરે;
પેલી વેવાણને કરડયોરે, રાડ પછાડ કરે.

વિંછી આંકડા જેવીરે, નાર દિસે વસમી;
મુકી આંકડો હેઠોરે ચાલીએ સૌને નમી.
વેહેર ઝેહેર ન કરીએરે, સરળ સ્વભાવ કરી.
શોકયને શોકય બાળકરે, પાળીએ ગગ ધરી.
હઠીલાઇ ન કરીએરે, સ્વામિથી સેહેજ મીશે,
હળી મળીને રહીએરે, સ્વજન સંબંધ વિશે.
જૈન કન્યાશાળારે, બાળા ભણી સુધરો;
તજી ચાળા ચટકારે, કુળ મરજાદા ધરો.

ગીત ૧૧

વસંત ગોદસ વખતનું

ઘરડા ઘરડા કાડી મેલો, એવા બોલ ન બોલોરે;
ઘરડાની બુદ્ધિ બહુ સારી, જવાનની નહીં ચાલેરે.
કુળવંતી ગોરી નહીં બોલે, તપ પીંજારા તોલેરે;
દિકરી દેઇને કરી સગાઇ, કીધો બાઈ જમાઇરે.
ગાળો દેઇએ જો દુઃખદાઇ, લોક કહે કુલટાઇરે;
મુખડું લાજે અંતર દાઝે, નીચ ન ગાઇએ ગીતરે
પેટ ચોળીને પીડા કરીએ, નહીં ચતુરાઇની રીતરે:
કન્યાશાળા જૈન ધર્મની, આપે છે ઉપદેશરે;
સત્ય શિયળ નિતિને પાળો, ટાળો કજીઆ કલેશરે.

ગીત ૧૨

વસંત ગોરસ વખતનું.

પીળીરે ચણુાની દાળ, બેહેનીરે સંસારમાં;
કુમકુમનું કરી તિલક ભાળ બેહેનીરે૦
રાતીરે સાડી નવરંગ. બેહેનીરે૦
સત્ય શિયળ સજીએ શુભ અંગ. બેહેનીરે૦
લીટીરે અતલસની બાંહ્ય બેહેનીરે૦
પેહેરીરે સોહાગણુ ગાય. બેહેનીરે૦
કાળીરે કાજળની રેખ. બેહેનીરે૦
આજરે આંખલડી દેખ. બેહેનીરે૦
ધોળીરે કિર્તી જગ રાખ. બેહેનીરે૦
બોળિરે ભુંડું નવિ ભાખ. બેહેનીરે૦
કુડારે નવિ બોલીએ બોલ બેહેનીરે૦
લાજેરે મુખ જાએ તોલ. બેહેનીરે૦

ગીત ૧૩

વસંત ગોરસ વખતનું

કાચી કેરીનો વેવણ છુંદોરે ભાવે,
શાણી સલુણી ભુંડા ગાણાં ન ગાવે;
કુલટા નઠારી ફટાંણા ગાવે,
માત પિતા કુળ જાત લજાવે,

નીચ અધમને માંડી બનાવે,
નખરાં કરી નીજ નયણાં નચાવે;
સદાચાર સદ્‌ગુણ નવ પાળે,
ભુંડું ભાખી મુખડું બાળે;
એવી નઠારીનો સંગ નિવારો.
બેહેની તજીએ દુષ્ટ લવારો;
જૈન કન્યાશાળામાં આવો,
ભણી ગણીને લ્યો ભવ લ્હાવો,

ગીત ૧૪

ઉંચે ટંબે બોરડી, પારેવા લ્યોરે.
તેનાં મીઠાં બોર, ઝરમર જેર પારેવા લ્યોરે.
સદ્‌ગુણને સંભળીએ, પારેવા૦
તજીએ શોર બકોર, ઝરમર જેર. પારેવા૦
તજીએ કુજીઓ કલેષ, પારેવા૦
સજીએ શિયળ શ્રીકાર, ઝરમર જેર. પારેવા૦
કુળાચારને પાળીએ, પારેવા૦
રાખો મન અવિકાર, ઝરમર જેર. પારેવા૦
ઉત્તમ કુળમાં અવતરી, પારેવા૦
ગાઇએ ગીત રસાળ, ઝરમર જેર. પારેવા૦
કન્યાશાળા જૈનમાં, પારેવા૦
ભણાવજો નિજ બાળ, ઝરમર જેર. પારેવા૦

ગીત ૧૫

નવા નગરથી બાવો આવ્યો,
શિયળ સુભુષણુ લાવ્યોરે;
કુળવંતી ગોરીને આપ્યાં,
નિતી પંથ બતાવ્યોરે.
કુલટાને કમજાત નઠારી,
નારીને ધિક્કારીરે;
સદાચાર પાળે તે સારી,
કીર્તી જગ વિસ્તારીરે.
સત્ય શિયળ નિતીનાં ગાણું,
ગાઇ મંગળ વરતાવોરે;
મંગળમાં અપમંગળ બોલી,
કુળ મરજાદ ગમાવોરે.
બાવો બોલે બેની મારી,
લાજ સહિત સંચરજ્યોરે;
એમ કહી નિજ નગર સિધાવ્યો,
જૈન શાળા જય વરજ્યોરે.

ગીત ૧૬

માંડવામાં રાત્રે ગાવાનું ગીત.

વધાવો.

પહેલો વધાવો મારે આવીયો, જોશીડા બોલે બોલ.
(વલણુ) જોશીડા મુરત લઈ વ્હેલો આવ, વધાવો મારે મન વરયો

વધાવો મારી અંગુઠી કે મૂલ, ચંબેલી કે ફુલ, ગુલાબી કે હાર—વ.
બીજો વધાવો મારે આવીયો, ગાંધીડા બોલે બોલ.
(વલણ) ગાંધીડા શ્રીફળ લઇ વ્હેલો આવ, વધાવો મારે મન વસ્યો
વધવો મારી અંગુઠી કે—
અગણો વધાવો મારે આવીયો, સરૈયા બોલે બોલ.
,, સરૈયા કંકુ લઇ વ્હેલો આવ, વધાવો મારે મન વસ્યો
વધાવો મારા—
ચોથો વધાવો મારે આવીયો, માળીડા બોલે બોલ
,, માળીડા ચોસેર લઇ વ્હેલો આવ, વધાવો મારે મન વસ્યો
વધાવો મારા—

ગીત ૧૭

માંડવામાં રાત્રે ગાવાનું

ભમરા પહેલો વધાવો મારે આવીયો, મેં તો મોકલ્યો મારા દાદાને
દરબારરે, વાડીના ભમરા, દ્રાક્ષો મીઠીરે ચાંપાનેરની.
મારી દાદીયે તે ઉઠીને વધાવીયો, દાદા ધરજો પાલવરાયના છેડારે-વાડીના
ભમરા બીજો વધાવો મારે આવીયો
મેં તો મોકલ્યો મારા બાપાને દરબારરે—વાડીના—
મારી માંડીએ તે ઉઠીને વધાવીયો
બાપા ધરજો પાલવ રાયના છેડારે—વાડીના—
ભમરા અગણો વધાવો મારે આવીયો
મેં તો મોકલ્યો મારા કાકાને દરબારરે—વાડીના—

મારી કાકીએ તે ઉઠીને વધાવીયો
કાકા ધરજો પાલવ રાયના છેડારે—વાડીના—
ભમરા ચોથો વધાવો મારે આવીયો
મેં તો મોકલ્યો મારા વીરાને દરબારરે—વાડીના
મારી ભાભીએ તે ઉઠીને વધાવીયો
વીરા ધરજો પાલવ રાયના છેડારે—વાડીના—

ગીત ૧૮

માંડવામાં રાત્રે ગાવાનું

આમલી થડે થોડી ને ડાળે અતી ઘણી
આમલી આવીછે લુંએને ઝુમરે લાલેસર આમલી લાલ રંગ્યારે
વરના મોળીયાં.
(આ ઠેકાણે કન્યાવાળા ગાય તો "કન્યા ચુડલો" એમ બોલવું)
આમલી વીવાના ઘર કેમ જાણીયે
આમલી રંગારા બેઠા ઘરને મ્હારરે,—લાલેસર
આમલી વીવાના ઘર એમ જાણીયે
આમલી થડે થોડીને ડાળે અતી ઘણી
આમલી આવીછે લુંએ ને ઝુંમરે,—લાલેસર આમલી.
આમલી વીવાના ઘર કેમ જાણીયે
આમલી ચીતારા બેઠા ઘરને મ્હારરે,—લાલેસર આમલી.
આમલી થડે થોડી ને ડાળે અતી ઘણી
આમલી આવીછે લુંએને ઝુમરે,—લાલેસર આમલી.

આમલી વીવાના ઘર કેમ જાણીયે
આમલી સોનીડા બેઠા ઘરને બ્હારરે,—લાલેસર આમલી.
આમલી ચંડ થોડીને ડાળે અતી ઘણી
આમલી આવીછે ઝુંબે ને ઝુંમરે,—લાલેસર આમલી.
આમલી વીવાના ઘર કેમ જાણીયે
આમલી દરજીડા બેઠા ઘરને બ્હારરે,—લાલેસર આમલી.

ગીત ૧૯

મંડપમાં રાત્રે ગાવાનું

જીરે શરસતસ્વામીને વીનવું જીરે ગણપત લાગું હું પાયરે—
વીવાહ આવ્યા ઢુંકડા
જીરે પહેલોને થંભ હીરે જડયો—હીરા વાળાના નામ ન જાણું ।।વી।।
જીરે બીજોને થંભ મોતીએ જડયો—મોતી વાળાના નામ ન જાણું ।।વી।।
જીરે ત્રીજોને થંભ સોને જડયો—સોનાવાળાના નામ ન જાણું ।।વી।।
જીરે ચોથોને થંભ રૂપે જડયો—રૂપાવાળાના નામ ન જાણું ।।વી।।
જીરે કેડેને કુંચીઓ રણઝણે જીરે વ્યપારીઆના નામ ન જાણું ।।વી।।
જીરે કોથળીઓને નાણા રણઝણે નાણાવટીના નામ ન જાણું ।।વી।।
જીરે ખુરસીએ બેઠા પુન કરે, પુનશાળીના નામ ન જાણું ।।વી।।
જીરે પારણે પોઢયો પોપટો પોપટડાના નામ ન જાણું ।।વી।।
જીરે માંડવે હસ્તી પુતળી પુતળીઓના નામ ન જાણું ।।વી।।

ગીત ૨૦

વર ઘોડે ચડે તે વખતે ગાવાનું.

વરને મેમુની કોરના ધોતીયાં વરને અતલસની કબાયરે
નાના વર રાયરે, બાળા વર ઘોડે ચડયા.
વરતો બાપાને રાજે ઘોડે ચડયા, વરની માડીને હરખ ન માયરે
નાના વર ઘોડે૦
વરને મેમુની કોરનાં ધોતીયાં, વરને અતલસની કબાયરે—નાના—
વરતો કાકાને રાજે ઘોડે ચડયા, વરની કાકીને હરખ ન માયરે—નાના—
વરને મેમુની કોરનાં ધોતીયાં, વરને અતલસની કબાયરે—નાના—
વરતો મામાને રાજે ઘોડે ચડયા વરની મામીને હરખ ન માયરે—નાના—
વરને મેમુની કોરનાં ધોતીયાં,, વરને અતલસની કબાયરે—નાના—
વરતો વીરાને રાજે ઘોડે ચડયાં વરની ભાભીને હરખ નમાયરે—નાના

ગીત ૨૧

વર ઘોડે ચઢતી વખતે ગાવાનું ગીત.

પાવટડે તે પગ દઇ ચઢડોરે જીવાવર, બેનડ છેડલા તે સાહી રહયા.
મેલો મેલોરે બેનડ છેડલા અમારા, તમારા કર અમે આપીશું.
સવા લાખ ટકાના જેને છેડલા સાહ્યા, તેના તે કર કેમ રાખીશું.
પાવટડે તે પગ દઇ ચઢડોરે જીવાવર, બેનડ છેડલા સાહી રહયાં.
મેલો મેલોરે બેનડ છેડલા હમારા, તમારા તે કર અમે આપીશું.
સવાલાખ ટકાની જેણે લુણ ઉતારી, તેના તે કર કેમ રાખીશું.

ગીત ૨૨

કેશરીઓ જાન લાવ્યો જાન લાવ્યોરે મ્હોટાનું સાજન આવ્યું
· સાજન આવ્યુંરે

સાંકડી શેરીમાં નહીં માયું નહીં માયુંરે
જાનમા તો આવ્યા શેઠીઆ તેને બેસવા આપો તકીઆ ॥ કે ॥
જાનમાં તો આવ્યા સુરતી તેને બેસવા આપો ખુરસી ॥ કે ॥
જાનમાં તો આવ્યા ફુકડ તેને ઉભા મારો પથર ॥ કે ॥
જાનમાં તો આવ્યા મ્હોટા જળ ભરી આપો લોટા ॥ કે ॥
ઝ્યાવરને ખુંપે હીરા તેને દેખા શેકો શીરા ॥ કે ॥
ઝ્યાવરને કોટે કંઠી વેવાણ મારી છેકજ વંઠી ॥ કે ॥
બહુએ પેરયા બસમા વેવણને આવ્યા ચશમા ॥ કે ॥

(એ પ્રમાણે વારા ફરતી કડીઓ બોલવી)

ગીત ૨૩

વર રાજા ઘોડે ચડી સંચર્યા,
સાથે સાજનનો નહી પારરે, જગ લીલડી
વાજાં વાગે નોબત ગડગડે,
વાગે ભુંગળ ભેરી શ્રીકાર રે. જગ. ૧
ઢોલ વાજે ને ગાજે આભલું,
ગોરી ગાય છે મંગળ ચારરે. જગ. ૨
મારો છેલ છબીલો બાળો રાજીઓ,
જાણે કામ કુંવર અવતારરે. જગ. ૩

લાડી ગોખે ચડીને વરને નિરખતી,
એને આનંદનો નહીં પારરે. જગ ૪
મારૂં સાજન દેખીને વેવાઇ મોહી રહ્યો.
વેવણ હરખ ઘેલી થઇ ધારરે જગ ૫
વરઘોડાનો અરથ વિચારીએ,
એક ઘોડો ને વર નિરધારરે જગ ૬
જુઠા આડંબરે કેમ રીઝીએ,
જેથી નાણાની થાય ખુવારરે. જગ ૭
વરઘોડે રીઝે છે વાણીયા,
વોરા રીઝે ચણી ઘરબારરે. જગ. ૮
બેહેની કહેવત કોરે મુકીએ,
જેથી સુધરશે સંસારરે. જગ. ૯
દેવું કરીને હાથ બતાવીએ,
નહીં ઉત્તમનો આચારરે. જગ. ૧૦
જૈન કન્યાશાળાની બાળા કહે,
એનો ભણી થજો હુશિયારરે. જગ. ૧૧

ગીત ૨૪.

વરના ઘોડા પાછળ ગાવાનું ગીત.

મારા જીવાવરની મેડીએ દીવા બળે,
પેલા વેવઇનેરે ઝાકઝમાળ બાળાવરને જોઇ રહી
વર તોરણ આવી ઉભા રહ્યા

કુમકુમનું રે તિલક કપાળ. બાળા૦
ગાલે મૃગમદનું ટપકું કર્યું,
આંજી આંખ ન ગાંજે કોય. બાળા૦
પેહેર્યો જામો ને ચીરો સોહામણો,
ખભે પટકો રે જરકસી સોય. બાળા૦
પહેર્યું કસબી કોરનું ધોતીયું,
પગે મોતીની રે પોજડી સાર. બાળા૦
હાથે પહેર્યાં છે હેમનાં સાંકળાં,
બાંહે સોહે રે બાજુ શ્રીકાર. બાળા૦
શીરપેચ ધર્યો રતને જડયો,
ગળે પહેરી છેરે મોતીની માળ. બાળા૦
કાને વાળી છે સાચાં મોતી તણી,
લીલો લટકે છે રે લીલમ ભાળ. બાળા૦
બેવણ આવીને આજ ઉતાવળાં,
લેય લુંછણાં રે પુંખો આ વાર. બાળા૦
લાડી ગોખ ચડીને ઝાંખી કરે,
જોઇ મુખડું નરે હરખે અપાર. બાળા૦
શુભ અવસર મંગળ કામમાં,
ગીત ગાઇએ રે મંગળિક માળ. બાળા૦
રૂડું ભાખીને મુખડું લાજતીઓ,
લાજે જનની રે કુળ શિર આળ બાળા૦
નાર કારની પેઠે લવારીયો,
કેમ કરીએ રે ઉત્તમ જાત,

જૈનશાળાની બાળાની વિનતી,
ધરી કાને રે લજવો ન જાત, બાળા૦

ગીત ૨૫

વરઘોડામાં ગાવાનુ ગીત.

લીલી ઘોડીને લીલો ચાબકો, કેસરીરંગ રાજા.
લીલુડા જડીત્ર પલાણુ, બહાદુર ખંડ ચાકરી ચાલ્યા.
પહેરી ઓઢી જીયાવર સંચર્યા, કેસરીસીંગ રાજા.
મોહી રહ્યા ચારે વીર, બહાદુર ખંડ ચાકરી ચાલ્યા.
પહેલાને......ભાઇ મોહી રહ્યા, કેસરીસીંગ રાજા.
બીજલે......ભાઇ વીર, બહાદુર ખંડ ચાકરી ચાલ્યા.
અગણુને......ભાઇ મોહી રહ્યા, કેસરીસંગ રાજા.
ચોથલે......ભાઇ વીર, બહાદુરખંડ ચાકરી ચાલ્યા.
ચારેને મોહીને શું કર્યા, કેસરીસંગ રાજા.
રાખ્યા રૂડા વરઘોડાના રંગ, બહાદુરખંડ ચાકરીચાલ્યા

ગીત ૨૬

ખડ ખાવો ખડ ખાવોરે ઘોડી જાવાં છે પરદેશ
મધ પીવો મધ પીવો ને જલદીરે જાવાં છે પરદેસ
તમારેને જાવાંરે ઘોડી લંકા ગઢને છેડે
લંકા ગઢનો રાજા સુખીઓ સુતેલો કે જાગે,

આવ્યા છે ગોરા નગીનભાઇ, તે ઝાઝા સોના માગે.
ઝાઝેરે સોનૈયેરે મ્હેતા, કહાવો કાજ કરીજે
ઝાઝેરે સોનૈયેરે જીયાવરના, ખુંપને ઘડીજે.
ખુંપને ઘડંતારે નવી વહુંની ટીલડી ઘડીજે
ટીલડી ઘડંતારે........ભાઇની ટોટડી ઘડીજે.
ખડ ખાવો ખડ ખાવોરે ઘોડી, જાવાં છે પરદેશ
તમારે જાવારે ઘોડી, હરમજ ગઢને છેડ
હરમજ ગઢનો રાજારે સુખીઓ સુતેલો કે જાગે
આવ્યા છે ગોરા........ભાઇ તે. ઝાઝા હીરા માણેક માગે.
ઝાઝેરે હીરઇયેરે મ્હેતા, કહાવો કાજ કરીજે
ઝાઝેરે હીરઇયેરે જીયાવરના, ખુંપને જડીજે,
ખુંપને જડંતા નવી વહુની ટીલડી જડીજે,
ટીલડી જડંતારે.........ભાઇની, ટોટડી જડીજે.
ખડ ખાવો ખડ ખાવોરે ઘોડી, જાવાં છે પરદેશ
તમારેને જાવાંરે ઘોડી, સીંગઢ ગઢને છેડે.
સીંગઢ ગઢનો રાજારે સુખીઓ, સુતેલો કે જાગે,
આવ્યા છે ગોરઃ......ભાઇ તે, ઝાઝા મોતી માગે.
ઝાઝેરે મોતીરે મેતા કહાવો કાજ કરી જે.
ઝાઝેરે મોતીડેરે જીયાવરના, ખુંપને પોરવીજે
ખુંપને પોરવતાંરે નવી વહુની, ટીલ પોરવીજે
ટીલડી પોરવતાંરે......ભાઇની ટોટડી પોરવી જે.

ગીત ૨૭

વરને પોંખતી વખતે ગાવાનું

(વેવાણ લેજેરે સોપારી. ત્હારે આંગણે આવ્યો વેપારી. એ દશી.)

વેવાણ ઉઠ તું વહેલી ઉંઘ તજી, વર આવ્યો એ તોરણ સાંજ સજી; સવાલાખ નગારાંની ધૂંશ પડી, પુંખવાની જાય છે એહ ઘડી. ૧
૧ કોઇ જાણ કરોરે પિછાણ કરો, તુમે પગલાં આવી બહાર ધરો અમને ઉભાં ઘણી વાર થઇ, વેવણને ખબર કરો કોઇ જઇ. ૨
વેવણ તું લેજેરે લાહો ઘણો, ત્હારે બારણે અવસર વિવાહ તણો; વેવાણ લેજેરે તું સોપારી, ત્હારે આંગણે આવ્યો છે અવતારી ૩
વેવાણ તું લેજેરે કંકુ પડો, એતો આવ્યો વામાદેવી લાડકલો; વેવાણ લેજેરે અક્ષતણી થાળી, એ વર વરશે તારી બાળી. ૪ વેવાણ લેજેરે કંકાવટી, પુત્રી પરખવા આવ્યો એ નાણાવટી. ૫ વેવાણ લેજેરે મુગતા થાળ ભરી, એવો અવસર નહી આવે ફરી ફરી; શુ પેઠી છે ઘરને ખૂણે, કંચનમણિ ખાટા ગણું ધૂણે ૬
આ અવસર કિમ તુ થઇ થાંથી, તુજ આગણે ત્રિભુવનપતિ ક્યાંથી; દેવને દરશન દુર્લભ જેહનું, સહજે મિળવું થાય છે તેહનું. ૭ સહુ ઇંદ્ર કરે જેહની સેવા, એહનું દરિસનજી મીઠા મેવા; ઉઠ ઉઠ તું વહેલી આવ વળી, શા કામમાં જઇને હમણા ભળી. ૮
ઇંદ્રે ભંડાર ઘણો ભરીયો, મણિકંચને કરી જેહવો દરીગો; વળી જોઇએ તે માંગી લેજે, તોરણ પઇતો સહુને દીજે, વેવાઇ મામ રખે, ખોતી, આહું અવળું શું ફરે જોતી; ઇંદ્રાણીએ બીર કરી તારી

તેણે વાત બની આવી ભારી. ૧૦ નહી તો જાણત દીકરી દીધી હતી, શોભારે, હશે ઇંદ્રાણિવતી; ઉઠ ઉઠરે વેળા થઈ છે ઘણી ત્હારે મંદિર આવ્યો ત્રિજગ ધણી ૧૧ તવ સાંભળી કહે માસી સાસુ. એમ ખોટી થાઓ છો શું ફાંસુ; વિવાહનાં કારજ બહોળાં, પારકે ઘેર દીસે છો પહોળાં. ૧૨ એમ મોહટા બોલ ન બોલ બહુ, પડે કારજ ત્યારે જણાય સહુ; પરઘરની વાતો છે સોહલી, માથે પડી વહેવી દોહલી. ૧૩ એમ હસીએ વેવાણને વરણી, હવે આવે પ્રસેનજિતની ઘરણી; ઇંદ્રાણી સમ શણગાર ધરી, મણિ મુકતાફળનો થાળ ભરી. ૧૪ ગજરાજની ચાલે ચાલતી, શ્રીફળ સોનૈયાને આલતી, ઇંદ્રાણિયો મંગળ ગાવતી. ઇમ સાસુ પ્રભુપદ પાવતી. ૧૫

ગીત ૨૮

પોંખતી વખતનુ વરઘોડો ઉતર્યા પછી.

કન્યાવાળાના બૈરાં ગાય છે.

આવાં અસુરાં શું આવ્યા, મારી વેવાણોરે
વાંધો પડીયો કે રીસાયાં, મારી વેવાણોરે.
તોરણ સાડી હેમ મનાવું, મારી વેવાણોરે.
કહોતો ચાકરી બજાવુ, મારી વેવાણોરે.
તમે સદગુણવાળા મારી વેવાણોરે.
તથા દીસો છો રૂપાળા મારી વેવાણોરે.
બુડું બોલે નહીં શોભા મારી વેવાણોરે.
એમાં વધે નહીં શોભા મારી વેવાણોરે.

ગીત ૨૯

પેખાંતી વખતનું ગીત (વર તરફના બૈરાંને ગાવાનું)

વેવણુ સાંભળજો સુખદાયરે,
તમે દીકરી સુંદર જાઇરે;
કરી સુંદર વરથી સગાઇરે,
રહો અવિચળ જોડી સદાઇરે,
વેવણુ શિયળ સુ સાડી પહેરોરે
નિતી હાર ધરો નવશેરારે;
પેહેરી કંચુઓ કજીઓ ન કીજીએ
કટિમેખળ પેહેરીને રીઝીએ.
સજી સત્ય તણો શણગાર રે,
જુઠું ભાખીએ નહીં ઉચ્ચાર રે,
વેવણુ આંબો ફળ્યો તુજ આંગણે,
જૈન કન્યાશાળા મુખથી ભણે.

ગીત ૩૦

પોંખતી વખતનું ગીત કન્યા તરફના બૈરાંને ગાવાનું)

મોજડી વીના શું આવ્યારે, સુંદર વરરાજા.
મોચીડાએ શું ભડકાવ્યારે, સુંદર૦
ઘોડીલો નાનો લાવ્યારે, સુંદર૦
લાડકડી મન ભાવ્યારે, સુંદ૦

નગારાં વિના શું આ૦વ્યારે, સુંદર૦
નવ નવા વેશ ભજાવ્યારે. સુંદર.
લાડી રતિથી અતિ રૂપાળીરે. સુંદર૦
વરી કામદેવ તુમ ભાળીરે, સુંદર૦
જૈનશાળા જગમાં ગાજેરે. સુંદર૦
ફટાણાથી મુખડું લાજેરે, સુંદર

ગીત ૩૧

વરને પોંખતી વખતનું (વર તરફના બૈરાંને ગાવાનું.)

અમે મોજડી વિના નથી આવ્યારે, વેવણ સાચું બોલો.
મોજડીએ મોતી ટંકાવ્યારે, વેવણ૦
ઘોડીલો છે પાખરવાળોરે, વેવણ૦
નાનો છે પાગ લટકાળોરે, વેવણ૦
અમે નગારાંની ધુંશે આ૦વ્યારે, વેવણ૦
સાથે સાજન સારૂં આવ્યાંરે વેવણ૦
વાજાં શરણાઇ ભુંગળ વાજેરે, વેવણ૦
જેના નાદથી અંબર ગાજેરે, વેવણ૦
જૈન કન્યાશાળા એમ બોલેરે, વેવણ૦
જુઠું બોલે તે તરણા તોલે રે વેવણ૦

ગીત ૩૧

પોંખતી વખતનું ગીત

મારા પગ સુજીને થયા થાંભલા,

વેવણુ મોકોને મનના આમળા.
મારા પગ સુજીને છાલા થયા,
વેવણુ જાગોછો કે ઉંઘી ગયાં.
અમે આવી ઉભાં તુમ આંગણે,
વેવણુ વેહેલા આવોને લાગ્યાં લાંઘણે,
જૈન કન્યાશાળામાં જે ભણે
તે ભુંડું ભાખ્યામાં પાતક ગણે

ગીત ૩૩

પોંખતી વખતનું ગીત.

નોહોતાં નાગરવેલનાં પાન,
ત્યારે શીદ તેડાવી જાન, મારા નવલા વેવાઇ.
નોહોતું સોપારીનું સાધન,
ત્યારે શીદ તેડાવ્યું સાજન, મારા નવલા૦
નોતી મળતી જ્યારે ખાંડ,
ત્યારે શીદ લડાવ્યાં લાડ. મારા નવલા૦
વહેંચો શ્રીફળ ફોફળ પાન.
આપો વર કન્યાને દાન. મારા નવલ૦
હરખે ઘેલી થઇ છું આજ,
પણ નહીં મુકુ કુળની લાજ. મારા નવલા૦
નારી બોલે ભુંડા બોલ,
જાણો તે તરણાંને તોલ. મારા નવલા૦

કન્યાશાળા આવે આન,
સાચું બોલે વધશે વાન. મારા નવલા૦

ગીત ૩૪,

પોખતી વખત ગાવાનું ગીત

વેવાણુ ઉહોને આટલું ઉંઘવું શું ?
તમે ચતુર સુજાણુ છો શીખવું શું ?
વર તોરણુ આવીને ઉભા રહ્યા.
અમે થાકી ગયાં પગ થંભ થયા. ૧
ગઇ છોટી છબીલીં તંબોળ વળી.
પુંખવાની સામગ્રી સજી સઘળાં;
નાકે વાળી મોતીની હીરે જડી છે,
માથે મોડ કસુંબલ ચુંદડી છે. ૨
સરવે પુંખણાં સોવન થાળ ધરી,
મુકી કનક કંકાવટી કંકુ ભરી.
વળી અક્ષત સ્વેત અખંડ લઇ,
પુંખવાને જમાઇ તૈયાર થઇ. ૩
મુંસળ મુશળને રવૈયા થકી,
પુંખે નાકને તીરથી નવશા નકી.
ઇંડી પીંડી સરૈયા ઉતારી અકી,
નાંખી ચાર દીશાએ આનંદ લકી, ૪

કંકુ તિલક કરી ચોખા ચોઢે ખરે,
ગણી સુત સરખો નાક સાફ કરે;
પછી સંપૂટ ઉપર પાય ધરે,
ગાવા શિવસુત કેશવ ગીત કરે. પં

ગીત ૩૫

ચોરીમાં ગાવાનુંગીત

રામ લક્ષ્મણ વન સધાવતાં. એ રાગ.

ચોરી રચના કરી રૂડી ચોકમાં,
બેઠાં વરવહુ સુરજ સનમુખ;
મલકાવતાં મુખ, મંગળ ફેરા ફેરવે. એ ટેક.
વધુ વામ દીશાએ વિરાજીયાં.
જમણી બાજુએ જોઇને જમાઇ,
સાસુ હરખાઇ. મંગળ ૧
સદાચરણી વિદ્યાનિધી વરવહુ,
રૂપે રતી રતી પતીના સમાન,
કે રાધિકા કાન, મંગળ૦
પ્રેમે ચક્ષુ પરસ્પર મેળવી,
પછી મનનો કરીને મેળાપ.
થયાં એક આપ, મંગળ ૨
ચોરી વચ્ચે વેદીકા ઉપર વળી,

અગ્નિ પ્રગટ કરે કુળ ગોર,
રાખી ઘૃત જોર. મંગળ૦
ડાંગર સહિત રૂપાની પરાતમાં,
જળની ઝારી કંકાવટી જોઇ
શરવે રાખી સોઇ. મંગળ૦ ૩

સુંદર શાળની નવ ઢગલી કરી,
મુકે મ્હોર સોપારી સુજાણ;
ગ્રહોને પ્રમાણ, મંગળ૦
સુર્યાદીક નવ ગ્રહનું પૂજન કરે,
વર કન્યા સદા સુખી થાય;
ગોરી ગીત ગાય, મંગળ૦ ૪
વરી આપે ખોબામાં ખુશીં થઇ,
વર વહુને કુમારીકા વીર;
સુપડું રાખી શીર. મંગળ૦
ચાર વાર વહીને વધાવતાં,
કરે વેદીઆ મંત્ર ઉચ્ચાર;
એ છે અધીકાર. મંગળ૦ ૫
પરિગ્રહણ કરી પછી પરણતાં,
સાક્ષી પંચ સગાંને સજ્જન;
પ્રસન્ન વદન, મંગળ૦
પરત્યા વીવામાં વડીલ વિચારથી,
કુળ વંશ પરંપરા રીત,
વાવરીયું છે વીત, મંગળ૦ ૬

વરત્યુ પ્હેલું મંગળ વડા વ્હાલથી,
કરે દંપતી કોલ કરાર,
પુરણ બાંધે પ્યાર, મંગળ૦
સોગન આપીને કન્યા કહે છે કંથને,
સદા પત્નિનો ધર્મ પાળીશ,
કહેશો તે કરીશ, મંગળ૦ ૭
શુભ ચિંતવીને સહુ કાજમાં,
સ્હાય કરીશ હું સર્વ પ્રકાર;
સુધારવા સંસાર, મંગળ૦
પછી પ્રેમે પ્રતિજ્ઞા પતિ કરે,
પત્નિ પાળીશ પ્રાણ સમાન;
વધારીશ માન, મંગળ૦ ૮
બીજું મંગળ વરતતાં વર વહુ,
કર મેળવાને આપે કોલ;
પાળું બોલે બોલ. મંગળ૦
કોડે વચમાં કર્યા કુળ દેવતા;
બાંધ્યો દુધ પાણી સમ પ્રેમ;
હીરો જડ્યો હેમ, મંગળ૦ ૯
વળી ત્રીજું મંગળ એમ વરતીયું.
રાખી ચંદ્ર શુરજતણી સાખ;
ઉત્તમ અભીલાખ, મંગળ૦
ચોખા ચીતથી ચોથું મંગળ વરતીયું,

જેના સાક્ષી છે શ્રી જગદીશ;
આ ઉમિયાને ઇશ.   મંગળ૦ ૧૦
જોડું અખંડ જુગો જુગ જીવજો.
જૈનાચાર સાચવજો જરૂર;
ઉમંગથી ઉર,   મંગળ૦
શુખ પુત્ર કળશનું પામજો,
કરે શિવશુત કેશવ પાસ;
વિદ્યાનો અભ્યાસ.   મંગળ ૧૧

ગીત ૩૬

કંસાર પીરસતી વખતે ચોરીમાં ગાવાનું

લાડો લાડી જમે છે કંસાર,
સંસાર લ્હાવો લીજીએ રે;
સાસુ પીરસે ઘીની ઉપર ધાર,
સાચો સ્નેહ કીજીએ રે.
સાકર પીરસી સુચવે દંપતિ જોડ,
સાકર સમ મીઠા રહો સદારે,
અવિચળ રેહેજો અવનિતળમાં જોડ.
કરશો નહી કજીઆ કદારે.
જૈનશાળાથી બાળા બોલે બોલ,
ફટાણા ના ગાઇએ રે;

લાજે કુળને લોક કહે કમજાત;
જગમાં અપજશ પામીએ રે.

ગીત ૩૭

કંસાર જમતી વખતે ગાવાનુ.

લાડીને કંસાર ના ભાવે રે,
લાડો તો લાડીને મનાવે રે;
જમણા હાથે કોળીયો આલે રે.
સુંદરી શરમાઇ નીચું ઘાલે રે.
પંચને સાક્ષી કરી પરણાવ્યા રે,
ચોરીમાં મંગળ ચો વરતાવ્યાં રે;
ચોરીમાં અગ્નિ દેવતા સાખે રે.
વરવધુ કોલ કરી મુખ ભાખે રે,
સંસાર સાગો ચલાવીશું સારો રે;
સત્યને નિતીનો કરશું વધારો રે,
શિયળ સાથે કરશું સગાઇ રે.
દંપતી સંપી રહીશું સદાઇ રે,
કજીયોને ક્લેશ કદી નવ કરશું રે;
ઉત્તમ આચરણો આદરશું રે,
કન્યાશાળા વેગે વધાવે રે,
લક્ષ્મિ ખરચીને લ્યો લ્હાવા રે.

નિજ તનુજાને શાસ્ત્રી ભણાવોરે,
નીતિનો કીર્તિધ્વજ રોપાવો રે ,
કન્યાશાળાની બાળા બોલો રે,
જગમાં ન જૈન ધરમની તોલેરે.

ગીત ૩૮

પરણી રહયા પછીનું ગીત.

છઠયે ખોળામાં ધાણી ખોપરૂં—એ રાહ.

ઉદ્યાં પરણીને જે સમે જાનકી, વધ્યો હઇયામાં હરખ વીવા થકી ૧
મળી શાણી સાહેલીને સુંદરી, બોલી બોલ અતોલ ખુશી ભરી. ૨
સખી સાંભળ કહું એક વાતડી, મારી આજ શીતળ થઇ છાતડી. ૩
મારો હરીવરે હાથ ઝાલીઓ, મને અખંડ ચુડો એનો આપીયો ૪
મને પળ ન ગમે હવે પીયરમાં, મારૂં મન મોહયું સ્યામ શરીરમાં ૫
વર મળીયો મને છેલ વાંકડો, હવે શીદને ન રાખી આંકડો. ૬
વર પામી હું તો વરણાગીઓ, મેંતો ભવોભવ એ વર માંગીઓ. ૭
મને મનગમતું મળ્યું સાસરૂં, હવે કેમ ધડક મનમાં ધરૂં. ૮
મારી એ સંગ જેણે સગાઇ કરી, એને આશીશ આપું ફરી ફરી. ૯
ગુરૂને શીરનામું લળીલળી, મને પરણાવી એ વરને વળી. ૧૦
હવે મન ગમતા સુખ માનીએ, કેમ કોઇની શરમ દીલ આણીએ. ૧૧
મારે કસુર ન રહી કોઇ વાતની, મારેમાયા ટળી માત તાતની, ૧૨
મને માનીતી કરી હરી થાપશે, હું તો જે જે માંગીશ તેતેઆપશે. ૧૩

માર નારી ખાણ કરમની, વાત મુરખ ન જાણે એ મરમનાં ૧૪
પુન્ય પુરવે મેં કીધાં હશે ઘણાં, ત્યારેવર પામ્યાસવાલાખના, ૧૫
ફતદાન કરે જેને કારણે, તેને પામી સુતી હું તો પારણે. ૧૬
હું તો કાશી કેદારમા નવ ફરી, હું તો ઘેર બેઠાં એ વર વરી, ૧૭
હવે સગાં સંબંધીને શું કરૂં, હું તો સુંદર વરની સાથે ફરૂં ૧૮
મન માન્યું જે દરશન લાલમાં, વર લખ્યા ભુદર મારા ભાલમાં, ૧૯
ભુલી દુરમતી દુરગુણી ટેવને, પરણી દલપતરામના દેવને. ૨૦

ગીત ૩૯.

(આવી છે વઢવાણ ગામની ફોજરે ઝરમરીયા ઝાલા)
કન્યા વળાવો રૂડી રીતરે મારા નવલા વેવાઇ,
ચીંતા ન કરસો કાંઇ ચીંતરે નવલા વેવાઈ.
કન્યારૂપી રૂડું રતનરે નવલા વેવાઇ,
જીવ જોડી કરશું જતનરે નવલા વેવાઇ. ૧
પાણી માંગે ત્યાં દેશું દુધરે નવલા વેવાઇ,
સંભાળ કરશું ભાવ શુધરે નવલા વેવાઇ,
લાખેણા લડાવીશું લાડરે નવલા વેવાઇ,
ગણુશું તમારો પુરો પાડરે નવલા વેવાઇ. ૨
પ્રીતે ઉછેરી રૂડી પેરરે નવલા વેવાઇ,
આપી કન્યા અમારે ઘેરરે નવલા વેવાઇ,
કરો ઉજવળ અમારૂં કુળરે નવલા વેવાઇ,
તરૂ શોભાવે જેમ ફુલરે નવલા વેવાઇ. ૩

ગોરી છે રૂડી ગુણવાનરે નવલા વેવાઇ,
મળશે અમારે ઘેર માનરે નવલા વેવાઇ.
સર્વ કળામાં છે સુજાણરે નવલા વેવાઇ,
વીખ વીખ પામશે વખાણરે નવલા વેવાઇ ૪
માયાળુ મનની છે વીસેશરે નવલા વેવાઇ,
હળીમળી ચાલશે હમેશરે નવલા વેવાઇ,
જાણીશું જેવી જીવ જાનરે નવલા વેવાઇ,
શાચવશું જેવી ફુલ પાનરે નવલા વેવાઇ. ૫
હેતથી કરશું હાથે છાંયરે નવલા વેવાઇ,
શંકા ન ધરશો મનમાંયરે નવલા વેવાઇ,
તમને વહાલી છે જેવી તરેહ નવલા વેવાઇ,
અમને પણ એવી વહાલીરે નવલા વેવાઇ. ૬
જેવો હૈયાનો હોય હારરે નવલા વેવાઇ,
આંખો ઉપર જેવો પ્યાર રે નવલા વેવાઇ,
પુરણ ધરશું એવો પ્રેમરે નવલા વેવાઇ,
કોઇ દીન દુભાવીશું કેમરે નવલા વેવાઇ. ૭
પરૂણાને મળો રૂડી પેરરે નવલા વેવાઇ,
કન્યા વળાવી વળો ઘેર રે નવલા વેવાઇ,
કરજો સદાઇવ સારા કામરે નવલા વેવાઇ,
કહેછે જૈતવાળા નામરે નવલા વેવાઇ. ૮